بسم اللہ الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.17-03-2017 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું:

આજ કાલ આપણે જોઈએ છીએ કે પશ્ચીમી અને પ્રગતિશીલ દુનિયામાં શાસન કરનાર રાજનૈતિક જમાઅતો અથવા નસ્લ પરસ્ત અથવા કોંમ પરસ્ત રાજનેતાઓ તરફ પાર્ટીઓની ખ્યાતિ વધતી જઈ રહી છે તથા તેમનું મહત્ત્વ વધતો જઈ રહ્યો છે. આલોચક પણ  આ વિષયમાં ઘણું બધું લખે છે કે જે વર્તમાન સરકારો છે જે સત્તાપક્ષના શાસક કહેવાય છે, તેમની ઈમિગ્રેશનની પોલોસીઝના કારણે આ બધું થઈ રહ્યું છે તથા સિવાય પણ અનેક કારણો છે પરંતુ આ તમામ વાતોની તાન મુસ્લિમો પર ટુટે છે કે મુસ્લિમોને આ દેશોમાં આવવાથી રોકવા જોઈએ, તેમના પર પ્રતિબંધ હોવો જોઈએ કેમકે આ લોકો આપણી સાથે ભળતા નથી તથા અલગ રહે છે તથા પોતાના ધર્મ અનુસાર, જે તેમના વિચાર અનુસાર કટ્ટરવાદ છે, તેના પર ચાલે છે. અથવા પછી આ કહેવામાં આવે છે કે તેમણે જો આપણી સાથે રહેવું છે તો પછી પોતાના ચલનને છોડીને અમારી રીતિ તથા અમારા રહેન સહનને અપનાવવું પડશે. જો આમ ન કરે તો તેનો અર્થ છે કે આ લોકો અમારી સાથે ભળીને રહેવા નથી માંગતા અને જ્યારે પોતાની એકાકી તથા ધાર્મિક સ્થિતિ કાયમ રાખે છે અથવા રાખવા ચાહે છે તો તેનો અર્થ છે કે આપણા દેશ માટે હાનિકારક થઈ શકે છે. આશ્ચર્ય જનક તથા મૂર્ખતા પૂર્ણ વાતો છે કે મસ્જીદના મિનારા આપણા માટે ખતરો છે, તેમની મહિલાઓના હિજાબ આપણા માટે ખતરો છે, તેમની મહિલાઓનું પુરૂષોથી હાથ ન મીલાવવું અથવા પુરૂષોનું મહિલાઓ સાથે હાથ ન મીલાવવું આપણા માટે ખતરો છે. અહીયા યૂ.કે.માં તો એક બે જ રાજનેતા શાયદ આ પ્રકારની વાતો કરતા હોય પરંતુ અન્ય દેશોમાં આ વિષય પર ખુબ શોર છે તથા પ્રતિદિન રાજનૈતિક લોકોના બયાનો આવે છે આ વિષયમાં. અને પછી આ દલીલ પણ આપે છે કે જુઓ મુસલમાનો આપણા માટે ખતરો હોવાનું આથી પણ પ્રમાણિત થાય છે કે મુસ્લિમ દેશોમાં કટ્ટરવાદ તથા અસંવિધાનિક ગતિવિધિઓ પોતાની ચરમ સીમા સુધી પહોચેલ છે તથા અહીયા આપણા દેશમાં પણ આતંકી હુમલાઓ મુસ્લિમો તરફથી જ અધિક થઈ રહ્યા છે. અન્ય વાતો તો તેમની ઈસ્લામથી શત્રુતાના કારણે છે પરંતુ દુર્ભાગ્યવશ આ વાત તેમની ઉચિત છે કે મુસ્લિમ દેશોમાં આતંકવાદ છે. આ વાતને છોડતા કે કટ્ટર પંથી જુથો તથા મુસ્લિમ દેશોમાં ઉપદ્રવી જુથોને હથિયાર પશ્ચિમી દેશોથી જ મળે છે તથા પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે તથા ઈસ્લામ વિરૂદ્ધ જે દ્વેષ છે તેને પ્રગટ કરવા માટે કેટલીક શકિતઓએ ખુબ ચતુરાઈથી એવા જુથોને સક્રિય બનાવ્યા છે. દુર્ભાગ્યવશ મુસલમાનોને જ્યારે પણ હાનિ થઈ છે, મુસલમાનોના પોતાના કર્મ, ષડયંત્રો તથા ઉપદ્રવો અને એક બીજાના અધિકારોને હનન અને વ્યકિતગત સ્વાર્થને રાષ્ટ્રીય અને કોંમી લાભ પર પ્રાથમિકતા આપવાના કારણે જ થઈ છે. ઈસ્લામની તાલીમ ભુલવા તથા તેના હેતુને અનદેખો કરવાથી જ પહોચ્યો છે. તે સિવાય કે પોતાની રૂહાની હાલતને સુંદર બનાવતા તથા અલ્લાહ તઆલા અને તેના રસૂલ સ.અ.વ.ના આદેશોનું પાલન કરતા, દુનિયાની લાલચ, સાંસારિક પ્રતિષ્ઠા તથા લક્ષ્ય શાસકોના પણ, અન્ય રાજનેતાઓના પણ અને આલિમોના પણ પ્રાથમિક બની ગયા છે અને આલિમોએ ઉમ્મતને અને અધિક અંધકારમાં ધકેલવમાં પોતાની ભૂમિકા ધર્મની આડ લઈને અદા કરી છે અને કરી રહ્યા છે. તે સિવાય કે યુગની હાલતને જોતા તથા અલ્લાહ તઆલાના વાયદાને સામે રાખતા આ પ્રસ્થિતિઓમાં જે જરૂરી હતી, તેના પર વિચાર કરતા અને આ જોતા કે આપણે આ પ્રસ્થિતિઓમાં તે વ્યકિતની શોધ કરીએ જેના વિષયમાં અલ્લાહ તઆલાએ પહેલા જ જણાવી દીધું હતું કે એવી પ્રસ્થિતિઓમાં તે ઈમાન સુરય્યાથી પાછો લાવશે તથા ઈસ્લામની ડાળને તથા

મુસલમાનોના ઈમાનને પુનઃ સ્થાપિત કરશે. ન કેવળ આ વાતથી તે લોકો વંચિત રહ્યા બલ્કે અલ્લાહ તઆલાના મોકલેલના વિરોધમાં એટલા વધી ગયા કે જેની કોઈ સીમા નથી તથા તેમને માનનાર પર પણ અત્યાચાર અને વિનાશને ચરમ સીમા સુધી પહોચાડી દીધું. આજ કાલ અલ જઝાયરમાં આ અત્યાચાર વધી રહ્યો છે, પોલીસ અહેમદીઓને હેરાન કરી રહૈ છે. અદાલતો પોતાની ઈચ્છા અનુસાર ફેંસલો કરીને અહેમદીઓને જેલોમાં બંધ કરી રહી છે તથા અમુક લોકોને એકથી લઈને ત્રણ વર્ષ સુધીની કારાવાસ સજા મળી છે ફકત એટલા માટે કે તેમણે આ કહ્યું કે અમોએ આવનાર ઈમામને માની લીધો છે અને એટલા માટે માની લીધો છે કે અમોને અલ્લાહ તઆલા અને તેના રસૂલ સ.અ.વ.નો આ જ નિર્દેશ છે.

આ લોકો જે જેલમાં છે અથવા જેને સજા કરવામાં આવી છે અથવા સજાની પ્રતીક્ષામાં છે કે જે પણ અત્યાચાર અમારા પર કરી લે, અમે અમારા ઈમાનથી પાછા હટવાના નથી. પરંતુ તે જે અત્યાચાર કરી રહ્યા છે, તે પણ યાદ રાખે કે અલ્લાહ તઆલા નિર્દોષને જોઈ રહ્યો છે તથા નિર્દોષની દુઆઓ અલ્લાહ તઆલાના સિહાંસન સુધી પહોચી રહી છે. તેની અદાલતે જ્યારે નિર્ણય કર્યો તો આ અત્યાચારીઓની ન દુનિયા રહેશે, ન આખિરત. આથી તેમણે અલ્લાહ તઆલાની તકદીરથી ડરવું જોઈએ. અહેમદીઓ પર અત્યાચાર કરીને તથા ઈસ્લામ વિરૂદ્ધ અનુચિત કામ કરીને, પોતાની સરકાર તથા શકિતના બળ પર, જેને તેઓ પોતાની સફળતા સમજે છે, તેમણે યાદ રાખવું જોઈએ કે એક દિવસ અલ્લાહ તઆલા સામે પણ પેશ થવું છે તથા ત્યાં આ અત્યાચારોનો જવાબ પણ આપવો પડશે. મુસલમાનોની સ્થિતિ પણ અત્રે આશ્ચર્ય જનક બનેલ છે એક તરફ તથાકથિત મોલ્વીઓનો ગૌરવ છે અથવા કટ્ટરપંથી જુથ છે જેમણે પ્રત્યેક દિશામાં ઈસ્લામના નામે ઉપદ્રવ ફેલાવ્યો છે તથા બીજી તરફ તે લોકો છે જે તેમની પ્રતિક્રિયામાં તથા દુનિયાના પ્રભાવના કારણે ધર્મથી છુટા પડેલ છે. તેવી જ રીતે કેટલાક રાજનેતા શાસક છે, તે જો મોલ્વીથી સહમત ન પણ હોય તો પોતાની કુરસી જતી રહેવાના ભયથી કે મોલ્વી લોકો અમારી વિરૂદ્ધ લોકોને ન ભડકાવી દે, ચુપ છે. માનો કે મુસલમાનોના પ્રત્યેક વર્ગ જેણે અલ્લાહ તઆલાના મોકલેલનો ઈન્કાર કર્યો તે અલ્લાહ તઆલા તથા તેના રસૂલ સ.અ.વ.ના આદેશોથી દુર ચાલ્યો ગયો. એવી અવસ્થામાં અહેમદીઓએ વિચારવું જોઈએ કે જ્યારે તેમણે યુગના ઈમામને માન્યો છે તો તેમના પર મોટુ દાયિત્વ આવે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આવીને આપણને જણાવ્યું કે તમારે અલ્લાહ તઆલાના આદેશ અનુસાર ચાલવું છે તથા તેના રસૂલ સ.અ.વ.નું અનુસરણ કરવું છે, પોતાના ઈમાનને પણ નષ્ટ નથી થવા દેવું તથા ફસાદ પણ પેદા નથી થવા દેવું અને સાથે આ વાત પણ સામે રાખવી છે કે અલ્લાહ તઆલાના પૈગામને દુનિયા સુધી પહોચાડવું પણ છે જેથી તૈહીદની સ્થાપના થાય. અલ્લાહ તઆલાએ જે કુરઆન એ કરીમમાં આપણું માર્ગદર્શન કર્યુ છે, તેના અનુસાર ચાલો અને તે આ છે કેઃ

اُدۡعُ اِلٰی سَبِیۡلِ رَبِّکَ بِالۡحِکۡمَۃِ وَ الۡمَوۡعِظَۃِ الۡحَسَنَۃِ وَ جَادِلۡہُمۡ بِالَّتِیۡ ہِیَ اَحۡسَنُ ؕ اِنَّ رَبَّکَ ہُوَ اَعۡلَمُ بِمَنۡ ضَلَّ عَنۡ سَبِیۡلِہٖ وَ ہُوَ اَعۡلَمُ بِالۡمُہۡتَدِیۡنَ

અર્થાતઃ પોતાના રબના માર્ગ તરફ વિવેક અને સારી નસીહત સાથે બોલાવ તથા તેમની સાથે એવી દલીલ સાથે વાદ વિવાદ કર જે ઉત્તમ હોય.

આમ, તબલીગ માટે, ઈસ્લામની સુંદર તાલીમ ફેલાવવ માટે ઈસ્લામના આદેશોનો યથાર્થ બતાવવા માટે પ્રમાણ સહિત વાત કરવાની જરૂર છે, ન કે આ રીતે કે જે રીતે આજ કાલના તથાકથિત આલિમ અથવા કટ્ટર પંથી જુથો કરી રહ્યા છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે جَادِلۡہُمۡ بِالَّتِیۡ ہِیَ اَحۡسَنُનો આ અર્થ નથી કે આપણે એટલી વિનમ્રતા જાહેર કરીએ કે ચાપલૂસી કરીને સત્યની વિરૂદ્ધ વાતનો સત્યાપન કરીએ. આ પ્રકાર વિવેકનો આ અર્થ નથી કે ડરપોક પણું દેખાડવામાં આવે બલ્કે હક વાતને ફસાદ વગર કહેવું, તે હિકમત છે.

પછી એક સ્થાને આ વિષયમાં અધિક વ્યાખ્યા કરતા હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે જ્યારે તુ કોઈની સાથે વાદ વિવાદ કરે તો હિકમત અને નેક નસીહતો સાથે બહસ કર જે વિનમ્ર તથા શાલીનતા સાથે હોય. હાં આ સત્ય છે કે આ યુગના અનેક મૂર્ખ તથા નાદાન મોલ્વી પોતાની મૂર્ખતાના કારણે આ વિચાર રાખે છે કે જેહાદ અને તલવાર દ્વારા દીનને ફેલાવવું પુણ્યનું કામ છે પછી તેઓ ચોરી છુપે અને પાખંડ સાથે જીવન

વ્યતીત કરે છે પરંતુ તેઓ આ વિચાર ધારામાં મોટી ભૂલમાં છે તથા તેમની કુધારણાનો આરોપ અલ્લાહની પુસ્તક પર નથી આવી શકતો. જો તેઓ આ પ્રકારની વાતો કરે છે તો તેમની મૂર્ખતા છે, તેનો આ અર્થ નથી કે અલ્લાહ તઆલાની કિતાબ પર આરોપ આવે. ફરમાવ્યું કે વાસ્તવિક સત્ય તથા યથાર્થ કોઈ બળના કારણે નથી હોતો બલ્કે બળજબરી તો આ વાતનું પ્રમાણ હોય છે કે આધ્યાત્મિક નીતિઓ દુર્બળ છે. શું તે ખુદા જેણે પોતાના પાક રસૂલ સ.અ.વ. પર વહ્યી ઉતારી કે فَاصۡبِرۡ کَمَا صَبَرَ اُولُوا الۡعَزۡمِ અર્થાત, તુ એવો સંતોષ કર જે તમામ મહાન રસૂલોના સંતોષને બરાબર હોય, અર્થાત જો નબીઓના સંતોષ એકત્ર કરવામાં આવે તો તારા સંતોષથી અધિક ન હોય અને પછી ફરમાવ્યું કે لَاۤ اِکۡرَاہَ فِی الدِّیۡنِ અર્થાત ધર્મમાં બળજબરી ન હોવી જોઈએ અને પછી ફરમાવ્યું કે اُدۡعُ اِلٰی سَبِیۡلِ رَبِّكَ بِالۡحِکۡمَةِ وَالۡمَوۡعِظَةِ الۡحَسَنَةِ وَجَادِلۡهُمۡ અર્થાત, હિકમત અને નેક ઉપદેશો સાથે બહસ કર ન કે સખ્તાઈથી અને પછી ફરમાવ્યું કે والکاظمین الغیظ والعافین عن الناس અર્થાત, મોમિન તે જ છે જે ક્રોધને ખાઈ જાય તથા જુઠા અને અત્યાચારી પ્રકૃતિના લોકોના આક્રમણને ક્ષમા કરી દે છે તથા અપશબ્દોનો જવાબ અપશબ્દોથી નથી આપતા. શું એવો ખુદા આ તાલીમ આપી શકે છે કે તમે પોતાના દીનના ઈન્કારીની હત્યા કરી દો તથા તેમની સંપત્તિ લૂટી લો અને તેમના ઘરોને ઊજાડી દો બલ્કે ઈસ્લામની આરંભિક કાર્યવાહી જે અલ્લાહના આદેશ અનુસાર હતી કેવળ એટલી હતી કે જેમણે કઠોરતા સાથે તલવાર ઉઠાવી તે તલવારથી માર્યા ગયા તથા જેવું કર્યુ તેવો બદલો મેળવ્યો. ફરમાવ્યું કે આ કયાં લખ્યું છે કે તલવાર દ્વારા ઈન્કાર કરનારની હતયા કરતા ફરો. આ તો મૂર્ખ મોલ્વી તથા નાદાન પાદરીઓનો વિચાર છે જેમાં કોઈ સત્ય નથી.

માટે ઈસ્લામની તાલીમ જેનો બીજા તો પાલન નથી કરતા અથવા એટલા માટે કે ઈસ્લામનો પૈગામ પહોચાડવામાં તેમને કોઈ રૂચિ નથી અથવા આ કારનથી કે જેવું કે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ ફરમાવ્યું, નાદાન અને મૂર્ખ મોલ્વી છે. પરંતુ આપણે મુસલમાનોમાં પણ તથા બિન મુસ્લિમોમાં પણ આ તાલીમ ફેલાવવી છે માટે પોત પોતાના ક્ષેત્રમાં, પોત પોતાની સીમાઓમાં પ્રત્યેક અહેમદીએ આ તરફ ધ્યાન આપવાની જરૂર છે.

આમ, આ સ્થિતિમાં આપણા દાયિત્વ ખુબ વધી જાય છે તથા પ્રત્યેક અહેમદીએ આ વિશે પોતાના કર્ત વ્યોનો આભાસ કરવાની જરૂર છે. તેનો પ્રત્યેક કાર્ય ઈસ્લામનો નમૂનો હોય. જો તબલીગ નથી પણ કરતો તો પણ તેની વાત અને કર્મ ઈસ્લામનો પૈગામ પહોચાડવા બાબતે હોય. પછ તિબલીગ માટે આપણે હઝરત અલી રઝીની વિવેક પૂર્ણ આ વાત પણ સામે રાખવી જોઈએ. આપે ફરમાવ્યું કે દિલોની અમુક ઈચ્છાઓ તથા ઝુકાવ હોય છે જેના કારણે તે કોઈ સમયે વાત સાંભળવા માટે તૈયાર રહે છે તથા કોઈ સમયે તેના માટે તૈયાર નથી હોતા. કયારેક ઈન્સાન વાત સાંભળવા માટે તૈયાર હોય છે તો કયારેક નથી હોતો. માટે લોકોના દિલોમાં તેમના ઝુકાવ પ્રમાણે દાખલ થયા કરો. આ જુઓ કે અત્રે અવસ્થા શું છે અને તેના અનુસાર વાત કરો તથા તે સમયે પોતાની વાત કહો જ્યારે તે વાત સાંભળવા માટે તૈયાર હોય. આમ આ વિવેક પૂર્ણ બિંદુને આપણે ગ્રહણ કરવો જોઈએ.

હુઝુર અનવરે ફરમાવ્યું કે હવે ઑસ્ટ્રેલિયામાં એક વર્ગ ઈસ્લામની દુશ્મનીમાં અહીયા સુધી પહોચી ગયો છે કે જો મુસલમાન પુરૂષ મહિલાઓથી અથવા મહિલા પુરૂષોથી હાથ નથી મીલાવતી તો તેમને દેશથી કાઢી મુકવા જોઈએ. આ વિષય પર પોત પોતાની પરિધિમાં હિકમત સાથે પ્રત્યેક અહેમદીએ કામ કરવું જોઈએ અથવા પરદા માટે કેટલાક લોકો વિરોધી છે અથવા કેટલાક દેશોમાં મસ્જીદો અને મીનારાઓને વિરૂદ્ધ છે અથવા હૉલેન્ડના એક રાજનેતાનો બયાન છે કે તમામ મુસલમાનોને જ દેશથી કાઢી મુકો, અથવા અમેરિકાના સદર અમુક મુસ્લિમ દેશોના નિવાસીઓ પર પ્રતિબંધ મુકવા ચાહે છે તો નિ:સંદેહ આ ઈસ્લામ વિરોધી સોચનું પરિણામ છે. તે દેશોમાં જ્યાં ઈસ્લામ વિરૂદ્ધ શકિતઓ જોર પકડી રહી છે તેમના જોરને તોડવા માટે જો કોઈ પ્રયત્ન કરી શકે છે, યોજના પ્રમાણે, તો તે અહેમદિયા જમાઅત જ કરી શકે છે. બીજા મુસ્લિમો ઈસ્લામની સુંદરતાને જાહેર કરવા તથા તેના પૈગામને પહોચાડવાના કામ કરી જ નથી શકતી. તેમનામાં તે એકતા જ નથી

તથા ન તેમની પાસે જ્ઞાન છે. આ કામ હવે હઝરત મસીહ મૌઉદ અ.સ. સાથે સંબંધ રાખનાર દ્વારા નિશ્ચિત છે. માટે આ વાતના મહત્ત્વને આપણે સમજવું જોઈએ.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે ઈસ્લામની સુરક્ષા તથા સત્યને જાહેર કરવા માટે સર્વ પ્રથમ તો આ વાત છે કે તમે સાચા મુસલમાન બનીને દેખાડો તથા બીજી વાત આ છે કે તેની વિશેષતાઓ તથા મહત્ત્વને દુનિયામાં ફેલાવો.

અલ્લાહ તઆલા આપણને સામર્થ્ય આપે કે આપણે આપણા જીવનને તેના અનુસાર વ્યતીત કરનાર થઈએ તથા તમામ વિરોધો હોવા છતા પણ ઈસ્લામની વિશેષતાઓ તથા મહત્ત્વને દુનિયામાં ફેલાવનાર આપણે બનીએ તથા વાસ્તવિક ઈસ્લામની સુરક્ષ તથા સત્યતા જાહેર કરનારમાંથી, આપણામાંથી પ્રત્યેક બની જાય.

હુઝુર અનવરે ખુત્બા જુમ્માના અંતમાં મોહતરમ મોલાના મુહમ્મદ હકીમ સાહેબ કાદિયાન અને મુકરરમ ફઝલે ઈલાહી નૂરી સાહેબ જર્મની અને મુકરરમ ઈબ્રાહીમ બિન અબ્દુલ્લાહ અબઝોલ સાહેબ મરાકશની નમાઝે જનાઝા ગાયબ પઢાવવાની ઘોષણા ફરમાવી તથા તેમના સદગુણો બયાન ફરમાવ્યા.

******

Khulasa Khutba Jumma Huzoor Anwar 17 March 2017

BOOK POST (Printed Matter)

To.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.